| GJBK026780932026 | દાખલ તારીખ | ૧૪–૦૫–૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| सत्यमेव जयते | નોંધ્યા તારીખ | ૧૪–૦૫–૨૦૨૬ | | |
| | નિર્ણય તારીખ | ૧૦–૦૮–૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૨ | ૨૭ |

નામદાર સુપ્રીમ કોર્ટ ના **Suo Motu Writ(Cri) No. 1/2017** ના ચૂકાદા તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર-**VI** ના પેરા-**179 A** અન્વયેના નોટિફિકેશન નંબર સી-૨૦૦૧-૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ.

**FORM-A**

**બનાસકાંઠાના (મીસ પલક બી.પટેલ) ત્રીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ પાલનપુરની અદાલત સમક્ષ.**
**( ચૂકાદા ની તા.૧૦-૦૮-૨૦૨૬)**

**ફોજદારી કેસ નંબર-૭૨૧૪/૨૦૨૬**
**આંક-**

**એફ.આઈ.આર. ની વિગતો /ગુન્હો અને પોલીસ સ્ટેશન :-**

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | **પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે.** |
| **ગુન્હો** | **પ્રોહી કલમ-૬૫એ એ મુજબ** |
| **ફરિયાદી** | **અ.પો.કો.દિનેશકુમાર કરશનભાઈ બ.નં.૧૪૨૯** |
| **વિદ્વાન એ.પી.પી. શ્રી** | **આર.એન.વકીલ** |
| **આરોપી** | **ભરતભાઈ બાબુભાઈ ઠાકોર<br>ઉ.વ.૪૫, ધંધો મજુરી,<br>રહે સરસ્વતિ સ્કુલ પાસે, ઢુંઢીયાવાડી,<br>પાલનપુર તા.પાલનપુર જિ.બનાસકાંઠા** |
| **વિદ્વાન વકીલ શ્રી** | **કે.કે.ધુતવારા** |

**FORM-B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૨-૧૨-૨૦૨૫ |
| એફ.આઈ.આર./ફરિયાદની તારીખ | ૨૨-૧૨-૨૦૨૫ |
| પ્લી નોંધ્યાની તારીખ | ૦૪-૦૭-૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા ની તારીખ | ૦૪-૦૭-૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા ની તારીખ | ૧૭-૦૭-૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૧૦-૦૮-૨૦૨૬ |
| સજાના હુકમ ની તારીખ જો હોય તો | -- |

**આરોપીની વિગત:-**

| આરોપી નંબર | આરોપી નું નામ | ધરપકડ ની તારીખ | જામીન પર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | ક્યા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે દોષિત ઠરાવ્યા ? | શું સજા ? | ક્રીમી.પ્રો. કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભરતભાઈ બાબુભાઈ ઠાકોર | -- | -- | પ્રોહી કલમ-૬૫ એ એ | **નિર્દોષ** | -- | -- |

**<u>FORM-C</u>**

**<u>ફરિયાદ પક્ષ, બચાવપક્ષ અને કોર્ટ ના સાહેદોનું લીસ્ટ:-</u>**

**(એ) ફરિયાદપક્ષ તરફે:-**

**<u>મૌખિક પુરાવા</u>**

| **સાહેદ નંબર-** | **સાહેદનું નામ** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧ | શેરુભાઈ અર્જુનભાઈ બાવરી | પંચસાહેદ | ૦૬ |
| ૨ | વીરસંગ કાળુભાઈ બાવરી | પંચસાહેદ | ૦૮ |
| ૩ | શૈલેષભાઈ સાયબાભાઈ | ત.ક.અમલદાર | ૦૯ |

**(બી) બચાવપક્ષે જો સાહેદો જો હોય તો :-**

**<u>મૌખિક પુરાવા</u>**

| **સાહેદ નંબર-** | **સાહેદનું નામ** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| - | - | - | - |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો :-**

**<u>મૌખિક પુરાવા</u>**

| **સાહેદ નંબર-** | **સાહેદનું નામ** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**ફરિયાદપક્ષ તરફે અંકે પડેલ દસ્તાવેજી પુરાવા:-**

**દસ્તાવેજી પુરાવા**

| અ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ પંચનામું | ૦૭ |
| ૨ | અસલ ફરીયાદ | ૧૦ |

**બચાવપક્ષ તરફે અંકે પડેલ દસ્તાવેજી પુરાવા:-**

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | – | - |

## -: JUDGMENT :-

**ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત ::-**

**૧.** આ કામના આરોપી સામે ફરિયાદપક્ષે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ પ્રોહીબીશન સ્ટેશન ગુના નંબર–રજીસ્ટર ૧૧૧૯૫૦૧૦૨૫૧૧૩૧/૨૦૨૫ અન્વયે ગુનો રજીસ્ટર્ડ કરી ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫–(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કામ નંબર ૭૨૧૪/૨૦૨૬ તરીકે નોંધવામાં આવેલ છે.

**કેસની ઈન્સાફી કાર્યવાહી ની પ્રક્રિયા :-**

**૨.** ફરિયાદ રજૂ થતાં આરોપી વિરુદ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. આરોપીને પ્રોસેસની બજવણી થતાં આરોપી તેના વિદ્વાન વકીલશ્રી સાથે અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલ હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ - ૨૩૦ની જોગવાઈનું પાલન કર્યાની ખાતરી કરી આરોપી વિરુધ્ધ

આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક – ૦૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ ગુનો કબૂલ ના હોવાનું અને કેસ ચલાવવો હોવાનું કથન કરેલ હોય આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

**ફરિયાદપક્ષ તેમજ બચાવપક્ષ તરફે રજૂ થયેલ પુરાવા :-**

**3.** ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરિયાદપક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીનું ભારતીય નાગરિક

સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

**૪.** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.એન.વકીલ તથા આરોપી તરફે વિ.વ.શ્રી કે.કે.ધુતવારાની દલીલો સાંભળી. ઉભયપક્ષે પોતાના કેસને અનુરૂપ દલીલ કરેલ છે. આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભરતભાઇ બાબુભાઇ ઠાકોર, ઉ.વ.૪૫, ધંધો મજુરી, રહે સરસ્વતિ સ્કુલ પાસે, ઢુંઢીયાવાડી, પાલનપુર તા.પાલનપુર જી.બનાસકાંઠાવાળાએ પોતાના જાત કબ્જામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશીદારૂ લિટર–૦૧ કિ.રૂ.૨૦૦/– નો રાખી પકડાઇ જઇ, ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫–(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

**૫.** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના હવે પછી તુરત ચર્ચા કર્યાનાં આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>// નિર્ણય અંગેના કારણો//</u>**

**<u>મુદ્દા નંબર–૧, ૨ :–</u>**

**૬.** આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ) મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં તે નીચે મુજબ છે.

**૬.૧** આ કામે રજુ થયેલ મૌખિક પુરાવો જોતાં ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ–શેરુભાઇ અર્જુનભાઇ બાવરીને આંક–૦૬ થી તથા પંચ સાહેદ–વીરસંગ કાળુભાઇ બાવરીને આંક–૦૮ થી તપાસેલ છે અને સદર પંચ સાહેદોએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી હોવાની અને તે સિવાય પંચનામાની

હકીકતો વિશે તેઓ જાણતા ના હોવાની તેમજ સહી કર્યા સિવાય તેઓ કશું જાણતા ના હોવાની હકીકત જણાવેલ છે ત્યારે સદર પંચનામાની હકીકત માની શકાય તેમ નથી. જયારે સદર પંચનામું શાનું છે તે પણ સદર પંચ સાહેદોને ખબર નથી તેમજ પંચનામામાં સહી લેવામાં આવેલ ત્યારે ફરિયાદપક્ષ કહેવાતું આંક–૦૭ નું પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદર પંચસાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇ ફળદાયી હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

૬.૨ ફરિયાદપક્ષે ત.ક.અમલદાર–શૈલેષભાઇ સાયબાભાઇને આંક–૦૯થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તા.૨૨/૧૨/૨૦૨૫ના રોજ તેઓ તથા અ.પોકો દીનેશકુમાર કરસનભાઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ફરતા ફરતા ઢુંઢીયાવાડી ગેસ ગોડાઉન પાસે એક ઇસમ શંકાસ્પદ હાલતમાં આવતો હોઇ તેને પકડી પાડી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો રુબરુ નામ ઠામ પુછતાં પોતે પોતાનું નામ ભરતભાઇ બાબુભાઇ ઠાકોર હોવાનું જણાવેલ. ત્યારબાદ સદરે ઇસમની અંગજડતી કરતાં પેન્ટના ખીસ્સામાંથી બે પ્લાસ્ટીકની થેલી મળી આવેલ જે થેલીમાં જોતાં પ્રવાહી ભરેલ મોઢીયા ખોલી અંદરનું પ્રવાહી પંચો રુબરુ સુધાડી જોતાં મોઢીયા બાંધેલ થેલી નંગ–૨ મળી જે થેલીનું મોઢીયુ જોતાં અંદરનું પ્રવાહી પંચો રુબરુ સુંઘાડી જોતાં અંદરનું દેશી દારુની પુષ્કળ વાશ આવતી હોય થેલીમાં દેશી દારુ એક લીટર, કીંમત રૂ.૨૦૦/– ની મળી આવેલ તેમાંથી સેમ્પલ કાઢી વિગતવાર નું પંચનામું કરેલ અને બાકી ના મુદામાલનો નાશ કરેલો. આ બનાવ બાબતે ફરીયાદ દીનેશકુમાર કરસનભાઇએ આપેલી. જે ફરીયાદ રજુ દા.આ.૧૦ વાળી ફરિયાદ આપવામાં આપતા ગુનો નોંધવામાં આવેલ અને ગુનાની તપાસ દરમિયાન પૂરતા પુરાવા મળી આવતાં આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ.

સદરહુ ત.ક.અમલદારની આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં ત.ક.અમલદાર પંચનામું જાતે તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ લીધેલ હોવાની તથા ખોટી કામગીરી દર્શાવવા દર્શાવવા આરોપી પાસેથી કોઇ મુદામાલ મળી આવેલ ના હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કર્યાની હકીકતનો ઇન્કાર કરેલ છે અને પોતે રેઇડમાં સાથે હોવાનો

તથા સ્વતંત્ર સાહેદોના નિવેદન ના લીધેલ હોવાની વાતનો સ્વીકાર કરેલ છે. જે જોતાં સદરહું સાહેદે માત્ર પોતાની કામગીરીને અનુરૂપ જ પુરાવો આપવાનું જણાઇ આવતું હોઇ સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઇ આવતું નથી.

૬.૩ સદર કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા રજૂ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો, સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો છે તે સિવાયના તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે. પંચોએ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ.ઓનકાર મનીક પાટીલ, 1979(0) AIJEL-MH-147444** માં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવે તો પંચસાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરિયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. સદર ફામે સાહેદો પોલીસના સાહેદો છે, જેથી ફકત તેઓના નિવેદનને ધ્યાને લઈ સદર કામના આરોપીને સદર ગુના માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતું નથી. તેમજ તપાસ કરનાર અમલદારે તેમના પુરાવામાં જણાવ્યા મુજબ આ કામે કબજે કરેલ મુદ્દામાલ દેશી દારૂ હતો કે કેમ તે અંગેનું એફ.એસ.એલ. સર્ટીફીકેટ આજદિન સુધી આવેલ નથી તે જોતાં સદરહું મુદ્દામાલ દેશી દારૂ હોવાનું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેમજ આરોપી ભરતભાઇ બાબુભાઇ ઠાકોર, ઉ.વ.૪૫, ધંધો મજુરી, રહે સરસ્વતિ સ્કુલ પાસે, ઢુંઢીયાવાડી, પાલનપુર તા.પાલનપુર જી.બનાસકાંઠાવાળાએ પોતાના જાત કબ્જામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશીદારૂ લિટર-૦૧ કિ.રૂ.૨૦૦/- નો રાખી પકડાઇ જઇ, ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫-(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે તેવું નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

૭. **મુદા નં.૨:-**

ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ માની મુદ્દા નંબર-૧ નો નિર્ણય નકારમાં હરાવી મુદ્દા નંબર-૨ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી **ભરતભાઇ બાબુભાઇ ઠાકોર**, ઉ.વ.૪૫, ધંધો મજુરી, રહે સરસ્વતિ સ્કુલ પાસે, ઢુંઢીયાવાડી, પાલનપુર તા.પાલનપુર જી.બનાસકાંઠાનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ- ૨૭૧ (૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો** હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલ દેશી દારૂનો નાશ કરવો.

(૩) હાલના આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ-૧૦મી, માહે-ઓગસ્ટ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી કોર્ટના સહી-સિકકા કરી જાહેર કર્યો.

મુ.પાલનપુર.
તા. ૧૦-૦૮-૨૦૨૬

**( મીસ પલક બિપીનચંદ્ર પટેલ )**
ત્રીજા એડીશનલ સિનીયર સીવીલ જજ,
પાલનપુર, બનાસકાંઠા.
જજ કોડ નં.જીજે.૦૧૧૧૧